# યાકૂબનો પત્ર

1 દેવના તથા પ્રભુ ઈસુ ખ્રિસ્તના સેવક યાકૂબની વિશ્વમાં
ચારેબાજુએ વિખેરાઈ ગયેલાં પ્રભુના લોકોને શુભેચ્છા.

## વિશ્વાસ અને ડાહપણ

2 મારા ભાઈઓ અને બહેનો, તમને વિવિધ જાતનાં પરીક્ષણો
થશે. પરંતુ તમારે ઘણા આનંદથી રહેવું.
3 શા માટે? કારણ કે તમે એ જાણો છો કે તમારો વિશ્વાસ
પરીક્ષણમાંથી સફળ થાય છે ત્યારે તમારી ધીરજ વધે છે.
4 અને અંત સુધી તમારી ધીરજને ચાલુ રહેવા દો.જેથી તમે
પૂર્ણ બનો. તમારે જેની જરૂરીયાત છે તેની ઉણપ ન રહે.
5 પણ જો તમારામાથી કોઈને પણ ડાહપણની જરુંર હશે, અને
તમે દેવ પાસે તે માટે માગણી કરશો, તો તે તમને આપશે. દેવ
સર્વને ઉદારતાથી ઠપકો આપ્યા વિના ડાહપણ આપે છે.
6 પરંતુ દેવ પાસે તમે જે કઈ પણ માગો ત્યારે તમારે ખૂબજ
વિશ્વાસથી અને તમારા મનમાં શંકા રાખ્યા વિના માગવું જોઈએ.
દેવ વિષે જે કોઈ વ્યક્તિ શંકા કરે છે તે પવનના ઉછળતા તથા
સમુદ્રનાં ઊછળતા, અફળાતા મોજા જેવો છે.
7-8 જે વ્યક્તિ શંકા કરે છે તે એક સાથે બે જુદી જુદી
વસ્તુઓનો વિચાર કરે છે, એ શું કરે છે તે વિષે તે કંઈ જ નક્કી
કરી શકતો નથી. એવા માણસો પ્રભુ પાસેથી કઈક મેળવશે તેવો
વિચાર પણ ના કરવો જોઈએ.

## સાચી-સંપતિ

9 જો વિશ્વાસ રાખનાર ગરીબ હોય તો, તેણે ગર્વ લેવો જોઈએ
કેમ કે દેવે તેને આત્મીક સમૃદ્ધિ આપી છે.
10 જો કોઈ વિશ્વાસુ માણસ શ્રીમંત હોય તો તેણે ગર્વ લેવો
જોઈએ કે દેવે તેને બતાવ્યું છે કે તે આત્માથી ગરીબ છે. અને
જંગલનાં ફૂલની જેમ તે મૃત્યુ પામશે.

11 સૂર્ય ઊગે છે અને ગરમી વધતી જાય છે. તેની ગરમીથી
છોડ સુકાઇ જાય છે. ફૂલો ખરી પડે છે. ફૂલ સુંદર હતું પણ તે
કરમાઈ ગયું તેવું જ શ્રીમંત માણસ માટે છે. જ્યારે તે પોતાના
ધંધા માટે યોજનાઓ કરતો હશે તે અરસામાં તો તે મૃત્યુ પામશે.

## પરીક્ષણ દેવ તરફથી આવતું નથી

12 જે વ્યક્તિ પરીક્ષણમાં પાર ઊતરે છે તે સુખી થાય છે.
કારણ પરીક્ષણમાંથી પાર ઊતરનાર વ્યક્તિ દેવમાં વિશ્વાસ વ્યક્ત
કરે છે. તેથી દેવ તેને બદલામાં અનંતજીવન આપશે. બધા લોકો
જે દેવને ચાહે છે તે દરેકને દેવે આ વચન આપ્યું છે.
13 જો કોઈ ખરાબ કરવા લલચાય, તો તેણે એમ ન કહેવું
જોઈએ કે, "દેવે મારું પરીક્ષણ કર્યુ છે." કારણ કે દુષ્ટતાથી
દેવનું કદાપિ પરીક્ષણ થતું નથી કારણ કે દેવ ખરાબ કરવા કોઈને
પરીક્ષણમાં નાખતો નથી.
14 દુષ્ટ વાસનાઓ માણસને લલચાવે છે અને તેની પોતાની દુષ્ટ
ઈચ્છાઓ તેને પરીક્ષણ તરફ ખેંચી જાય છે.
15 દુષ્ટ ઈચ્છાઓ પાપ કરાવે છે. અને પાપ વધી જાય છે
અને તે મોત નિપજાવે છે.
16 તેથી મારા વહાલા ભાઈઓ અને બહેનો, આ વિશે છેતરાશો
નહિ.
17 દરેક ઉત્તમ વસ્તુ દેવ પાસેથી જ આવે છે અને બધીજ
પરિપૂર્ણ ભેટો પ્રભુ તરફથી આવે છે. સર્વ પ્રકાશોના પિતા પાસેથી
આ બધીજ શુભ વસ્તુઓ (સૂરજ, ચંદ્ર, તારા) આવે છે. દેવ
કદી બદલાતો નથી. તે સદાય એ જ રહે છે.
18 દેવે સત્યના વચન દ્ધારા આપણને જીવન આપવા નિશ્ચય
કર્યો છે. જગતમાં જે તેણે બનાવ્યું છે તેમાં આપણને એ બધામાં
ખૂબજ મહત્વના બનાવ્યા છે.

## સાંભળવું અને અનુસરવું

19 મારા વહાલા ભાઈઓ અને બહેનો, હંમેશા બોલવામાં ધીમા
રહો. કાળજીપૂર્વક ધ્યાનથી સાંભળવા આતુર રહો. સહેલાઇથી
ગુસ્સે ના થાઓ.
20 દેવની ઈચ્છા પ્રમાણે સાચું જીવન જીવવામાં વ્યક્તિનો ગુસ્સો
મદદ કરતો નથી.
21 માટે તમારા જીવનમાં રહેલી બધાંજ પ્રકારની દુષ્ટતાઓ અને
બધા જ પ્રકારના દુષ્કૃત્યોથી દૂર રહો. નમ્ર બનો અને તમારા
હૃદયમાં રોપેલું દેવનું વચન ગ્રહણ કરો. તે જ દેવનું શિક્ષણ તમારા
આત્માઓને તારવાને શક્તિમાન છે.
22 દેવના શિક્ષણ પ્રમાણે જ વર્તો; સંદેશો ફક્ત સાંભળવા માટે
નથી પરંતુ અમલમાં મૂકવા માટે છે, તેથી તમે તમારી જાતને
છેતરશો નહિ.
23 જે વ્યક્તિ ફક્ત સાંભળે છે પણ અમલમાં મૂકતો નથી, તે
પોતાનું મુખ આરસીમા જોનારના જેવો છે.
24 તે પોતાને જુએ છે, પછી ત્યાંથી ખસી જાય છે, એટલે તે
પોતે કેવો હતો, એ તરત જ ભૂલી જાય છે.
25 પરંતુ ખરેખર સુખી માણસ તો એ વ્યક્તિ છે જે ધ્યાનપૂર્વક
સંપૂર્ણ નિયમનો અભ્યાસ કરે છે કે જે લોકોને મુક્ત કરે છે. અને
તે તેનો અભ્યાસ ચાલુ રાખે છે. તેણે જે સાંભળેલું છે તે ભૂલતો
નથી. તે દેવનાં વચનોને સાંભળે છે. પછી તે દેવ જે શિક્ષણ
આપે છે તેને અનુસરે છે. અને આમ કરવાથી તે તેની જાતને
સુખી બનાવે છે.

## દેવની ભક્તિનો સાચો રસ્તો

26 જે વ્યક્તિ પોતાને ધાર્મિક (સારો) માને છે પણ જો પોતાની
જીભ પર કાબુ રાખતો નથી તો તે પોતાને છેતરે છે. અને તેની
ધાર્મિકતાને નિરર્થક બનાવે છે.
27 દેવની દૃષ્ટિમાં ધાર્મિક એ છે કે જે અનાથ અને વિધવાઓની
તેમના દુ:ખના સમયે મુલાકાત લે છે તથા જગતની દુષ્ટતાથી દૂર
રહી પોતાની જાતને નિષ્કલંક રાખી, દેવની ઈચ્છાને આધીન રહે
છે.

# 2

## બધા લોકોને પ્રેમ કરો

1 મારા વહાલા ભાઈઓ અને બહેનો, તમે આપણા મહિમાવાન
પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ ધરાવો છો. તો એવું ના માનશો કે
કેટલાએક લોકો બીજા લોકો કરતાં અગત્યના છે.
2 ધારોકે કોઈ વ્યક્તિ તમારી સભામાં સુંદર કપડાં અને સોનાની
વિંટી પહેરીને આવે, જ્યારે બીજો ગરીબ માણસ ફાટેલા જૂનાં
વસ્ત્રો પહેરીને આવે.
3 તો તમે સારાં કપડાં પહેરેલા માણસ તરફ ખાસ ધ્યાન આપો
છો. અને તમે તેને કહો છો કે, "આ સારા આસને બેસ;" જ્યારે
ગરીબ માણસને તમે કહેશો કે, "તું ત્યાં ઊભો રહે," અથવા,
"મારા પગના આસન પાસે બેસ!"
4 આ તમે શું કરો છો? આ રીતે ખરાબ વિચારોથી તમારામાં
બીજાઓ કરતાં કયા માણસો અગત્યના છે તે તમે નક્કી કરો છો.
5 મારા વહાલા ભાઈઓ અને બહેનો! ધ્યાનથી સાંભળો, આ
દુનિયાના ગરીબ લોકો વિશ્વાસમાં ધનવાન બને અને દેવે પોતાના
પ્રેમ રાખનારાઓને જે રાજ્ય આપવાનું વચન આપ્યું છે તે પ્રાપ્ત
કરે માટે દેવે તેઓને પસંદ કર્યા છે.
6 પણ તમે ગરીબ લોકોને બિલકુલ માન આપતા નથી. અને
તમે જાણો છો કે શ્રીમંત લોકો જ તમારું શોષણ કરે છે. અને
તમને ન્યાયાસન આગળ ઘસડી જાય છે.
7 એ તે લોકો છે, જેઓ ઉત્તમ નામથી ઓળખાય છે, તેઓની
નિંદા કરે છે.
8 જો તમે પવિત્રલેખમાં આપેલા જે રાજમાન્ય નિયમ છે તેને
અનુસરશો, એટલે કે, "તું પોતાના જેવો પોતાના પડોશી પર પ્રેમ
રાખ."✡ એનું જો તને પુરેપુરું પાલન કરો છો તો તમે ઘણું સારું
કરો છો.
9 પણ જો તમે એક વ્યક્તિને બીજા કરતાં વધુ મહત્વ આપશો,
તો તમે પાપ કરો છો, એ રીતે તમે દેવના નિયમનો ભંગ કરો છો
તેમ સાબિત થાય છે.

---

✡ **2:8:** ઉલ્લેખ: લે. 19:18.

10 કોઈ વ્યક્તિ આખા નિયમશાસ્ત્રનું પાલન કરે, પણ જો એક
આજ્ઞાનો ભંગ કરે, તો તે નિયમની બધી જ આજ્ઞાઓનો ભંગ
કરનાર જેટલો જ ગુનેગાર ઠરે છે.
11 દેવે કહ્યું છે કે, "તું વ્યભિચાર નું પાપ ન કર."✡ તે જ દેવે
એમ પણ કહ્યું છે કે, "હત્યા ન કર."✡ માટે જો તમે વ્યભિચારનું
પાપ ન કરો અને કોઈકની હત્યા કરો તો તમે દેવના બધાજ
નિયમોનો ભંગ કરો છો.
12 તમે જે કઈ કરો કે કહો ત્યારે યાદ રાખો કે સ્વતંત્રતા
આપનાર તેના આધારે જ નિયમ દ્વારા તમારો ન્યાય કરશે.
13 હા, તમારે બીજા લોકો પર દયા બતાવવી જ જોઈએ. જો
કોઈ વ્યક્તિ બીજા લોકો તરફ દયા નહિ રાખે તો, દેવ તેને દયા
રાખ્યા વગર ન્યાય આપશે કારણ ન્યાય પર દયાનો વિજય હોય
છે.

## વિશ્વાસ અને સારા કાર્યો

14 મારા વહાલા ભાઈઓ અને બહેનો, કોઈ કહે કે તેને વિશ્વાસ
છે, પણ તે પ્રમાણે વર્તનમાં ન મૂકે, તો શો ફાયદો? શું એવો
વિશ્વાસ તેનો ઉદ્ધાર કરી શકે? ના!
15 ખ્રિસ્તમાં કેટલાએક ભાઈઓ અને બહેનોને દિવસ દરમ્યાન
કપડા પહેરવા ન મળે અને રોજનો પૂરતો ખોરાક ન હોય.
16 અને તમારામાંનો કોઈ તેઓને કહે કે, "દેવ તમારી સાથે
રહો, શાંતિથી જાઓ, તાપો અને તૃપ્ત થાઓ;" છતાં શરીરને જે
જોઈએ તે ખોરાક કે કપડાં ન આપો તો તમારા શબ્દો નકામાં છે.
17 એવું જ વિશ્વાસ માટે છે, વિશ્વાસમાં જો કરણી ન હોય,
તો તે તેની જાતે મૃતપ્રાય છે, વિશ્વાસ એકલો પૂરતો નથી, કારણ
કે કરણીઓ વિનાનો વિશ્વાસ એ વિશ્વાસ નથી.
18 કોઈ વ્યક્તિ કહેશે કે, "તને વિશ્વાસ છે, પણ મારી પાસે
કરણીઓ છે." હું તેને જવાબ આપીશ કે, તારી પાસે જે વિશ્વાસ
છે તે મારી કરણીઓ વિના મને બતાવ અને હું મારો વિશ્વાસ
મારી કરણીઓથી તને બતાવીશ.

---

✡ **2:11:** ઉલ્લેખ: નિ. 20:14; પુન. 5:18. ✡ **2:11:** ઉલ્લેખ: નિ. 20:13; પુન. 5:17.

19 દેવ એકજ છે એવું તમારું માનવું તે સારું છે! ભૂતો પણ
એવો જ વિશ્વાસ કરે છે! અને તેઓ બીકથી ધ્રુંજે છે.
20 ઓ મૂર્ખ માણસ! શું તારે જાણવું છે? વિશ્વાસ વગરનું
કામ વ્યર્થ છે તેની આજ્ઞા પ્રમાણે કામ ન કરવું તે પણ નકામું છે.
21 આપણા પૂર્વજ ઈબ્રાહિમે જ્યારે પોતાના પુત્ર ઈસહાકને
યજ્ઞવેદી પર બલિદાન માટે આપ્યો. તેના એ કાર્યને લીધે તેને
ન્યાયી ઠરાવવામાં આવ્યો.
22 તું જુએ છે કે, ઈબ્રાહિમ વિશ્વાસને લીધે બધુજ કરવા તૈયાર
હતો. તેનાં સારા કાર્યોથી તેનો વિશ્વાસ સંપૂર્ણ કરાયો.
23 આ શાસ્ત્રનો અર્થ સમજાવે છે કે: “ઈબ્રાહિમે દેવ પર
વિશ્વાસ કર્યો. અને દેવે ઈબ્રાહિમના વિશ્વાસને સ્વીકાર્યો, તે
વિશ્વાસે ઈબ્રાહિમને દેવની નજરમાં ન્યાયી ઠરાવ્યો.”✡ ઈબ્રાબિમને
“દેવનો મિત્ર”✡ કહેવામા આવ્યો.
24 તેથી તમે જુઓ માણસ તેના વિશ્વાસ એકલાથી નહિ પરંતુ
સારી કરણીઓથી માણસને ન્યાયી ઠરાવવામાં આવે છે.
25 તે જ પ્રમાણે રાહાબ વેશ્યાનું ઉદાહરણ છે. જાસૂસોનો
સત્કાર કર્યો અને બીજે માર્ગેથી સુરક્ષિત બહાર મોકલી દીધા.
આમ તેણે જે કાંઇ કર્યું છે તેથી તેને ન્યાયી ઠરાવવામાં આવી.
26 કારણ કે જે રીતે શરીર આત્મા વિના નિર્જીવ છે, તે જ
રીતે વિશ્વાસ પણ કરણીઓ વગર નિર્જીવ છે!

# 3

## વાણી પર સંયમ

1 વહાલા ભાઈઓ અને બહેનો, તમારામાંના ઘણા ઉપદેશકો
બનાવાનું પસંદ ન કરે. કેમ કે ઉપદેશકો થઇને તો બીજાઓ કરતાં
કડક શિક્ષાને પાત્ર ઠરીએ છીએ.
2 આપણે બધા ઘણીજ ભૂલો કરીએ છીએ. જો કોઈ એવો
માણસ હોય કે બોલવામાં કોઈ પણ ભૂલ ન કરે, ખરાબ ન બોલે,

---

✡ **2:23:** ઉલ્લેખ: ઉત. 15:6 ✡ **2:23:** ઉલ્લેખ: 2 કાળ. 20:7; યશા. 41:8.

તો એ એક સંપૂર્ણ વ્યક્તિ છે અને તે તેની જીભ ઉપર અંકુશ
રાખવા શક્તિમાન છે, તે સાબિત થાય છે.
3 ઘોડા જેવા પ્રાણીના મોંમા એક નાની લગામ રાખીને આપણે
આપણી ઈચ્છા પ્રમાણે તેના આખા શરીરને ફેરવીએ છીએ.
4 એજ પ્રમાણે એક સુકાની ગમે તેટલા મોટા વહાણને એક
નાના સુકાન વડે પોતે ધારે તે નિશ્ચિત માર્ગે, ધારે તે દિશામાં
ચલાવી શકે છે. પછી ભલેને ભારે પવન ફુંકાતો હોય.
5 એજ પ્રમાણે જીભ પણ એક નાનો અવયવ છે, છતાં તે
મોટી વાતો કરવા બડાશ મારે છે.
અગ્નિની નાની ચીનગારી મોટા જંગલને સળગાવી શકે છે.
6 જીભ એક અગ્નિની જવાળા જેવી છે. તે આપણા શરીરના
અવયવોમાં દુષ્ટતાના જગત જેવી છે. અને આપણા અસ્તિત્વને
અસર કરે છે તથા આપણા આખા શરીરને પ્રદુષિત કરે છે, તે
નરકમાંથી અગ્નિ પ્રાપ્ત કરીને આગની શરુંઆત કરે છે, જે આપણા
સમગ્ર જીવનચક્રને અસર કરે છે.
7 માણસ પ્રત્યેક પ્રકારના પશુઓ, પક્ષીઓ, પેટે ચાલનારાં અને
જળચર પ્રાણીઓને વશ કરી શકે છે અને વશ કર્યા છે પણ ખરાં.
8 પણ કોઈ પણ માણસ એવો નથી કે જેણે જીભને કાબુમાં
રાખી હોય. તે અંકુશ વિનાની ફેલાતી મરકી છે. જીભ પ્રાણઘાતક
ઝેરથી ભરપૂર છે જે મારી શકે છે.
9 એનાથી આપણે પ્રભુની અને આપણા પિતાની (દેવ) સ્તુતિ
કરીએ છીએ, અને એજ જીભ વડે દેવની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન
થયેલાં માણસોને શાપ પણ આપીએ છીએ.
10 એક જ મુખમાથી સ્તુતિ તથા શાપ બંન્ને નીકળે છે. ભાઈઓ
અને બહેનો, આવું ન જ થવું જોઈએ.
11 શું ઝરણ એક જ મુખમાંથી મીઠું તથા ખાંરું પાણી આપી
શકે? ના!
12 મારા ભાઈઓ અને બહેનો, શું અંજીરી પરથી જૈતફળો અને
દ્ધાક્ષાવેલા પરથી અંજીરી મેળવી શકાય છે! ના! અને એ રીતે
તમે ખારા પાણીના કૂવામાંથી મીઠું પાણી કદી મેળવી શકો નહિ.

## સાચું જ્ઞાન

13 તમારામાંથી કોઈ ખરેખર જ્ઞાની અને સમજુક માણસ છે? જો એમ હોય તો, તેણે ન્યાયી જીવન જીવીને તેનું સાચું જ્ઞાન બતાવવું જોઈએ. જ્ઞાની માણસ અભિમાન કરતો નથી.
14 તમે સ્વાર્થ અને હ્રદયમાં કડવી અદેખાઇ કરવાનું રાખશો તો તમારે અભિમાનનું કોઈજ કારણ નથી. તમારું અભિમાન જૂઠાણું છે જે સત્યને ઢાકી દે છે.
15 આ એવી જાતનું "જ્ઞાન" નથી કે જે દેવ પાસેથી પ્રાપ્ત થતું હોય, તેને બદલે તે જ્ઞાન જગતમાંથી પ્રાપ્ત થાય છે. તે ઐહિક, વિષયી, શેતાન પ્રેરિત છે.
16 જ્યાં અદેખાઇ તથા સ્વાર્થી મહત્વાકાંક્ષા છે, ત્યાં અવ્યવસ્થા તથા સર્વ પ્રકારની ભૂડાઇ પ્રવર્તતી રહેશે.
17 પણ દેવ તરફથી આવતું જ્ઞાન નિર્મળ, શાંતિપ્રિય, નમ્ર અને ખુલ્લા મનનું, દયા અને ભલાઈથી ભરપૂર છે. સારાં ફળોથી ભરપૂર નિષ્પક્ષપાત તથા દંભરહિત છે.
18 જે લોકો શાંતિ માટે કાર્ય કરે છે તેઓ ન્યાયી જીવનમાંથી આવતાં સારાં વાનાં પ્રાપ્ત કરે છે.

# 4

## દેવને તમારી જાત સોંપો

1 તમે જાણો છો તમારામાં ઝઘડા અને વાદવિવાદ ક્યાંથી આવે છે? તમારામાં રહેલી સ્વાર્થીવૃત્તિને લીધે થાય છે.
2 તમારી પાસે જે નથી તે પ્રાપ્ત કરવા તમે સ્વાર્થી ઈચ્છા રાખો છો અને તે મેળવવા અદેખાઇ કરો છો અને તેથી તમે હત્યા કરો છો પરંતુ કશું મેળવી શકતા નથી. વળી તે માટે તમે વિવાદ અને ઝઘડા કરો છો. તમારે જે જોઈએ છે તે તમને મળતું નથી કારણ તમે દેવ પાસે માંગતા નથી.
3 જ્યારે તમે માગો છો, છતાં તમને મળતું નથી કેમ કે તમારો ઇરાદો સાચો નથી. તમે જે માગો છો તો મોજ શોખ માટે માગો છો તેથી તે તમને મળતું નથી.

4 તમે લોકો દેવને વફાદાર નથી! તમારે જાણવું જોઈએ કે
જગતને ચાંહવું તે દેવને ધિક્કારવા બરાબર છે. તેથી વ્યક્તિ
જ્યારે દુનિયાનો એક ભાગ* બનવા ઈચ્છે છે, ત્યારે તે પોતાની
જાતને દેવનો દુશ્મન બનાવે છે.
5 તમે શું એમ માનો છો કે શાસ્ત્રનો કશો જ અર્થ નથી?
શાસ્ત્ર કહે છે કે; "દેવે જે આપણામાં આત્મા મૂક્યો છે તેથી તે
આત્મા તેની જાત માટે જ ઈચ્છે છે."
6 પરંતુ તે તો વધુ ને વધુ કૃપા આપે છે. અને શાસ્ત્ર કહે છે
કે; "જે લોકો અભિમાની છે, તેઓની વિરૂદ્ધ દેવ છે. પરંતુ જેઓ
વિનમ્ર છે તેઓના પર દેવની કૃપા છે."✡
7 તેથી તમારી જાત દેવને સોંપી દો. શેતાનની સામા થાઓ,
અને શેતાન તમારી પાસેથી નાસી જશે.
8 દેવની નજીક આવો અને દેવ તમારી પાસે આવશે. તમે પાપી
છો. તેથી તમારા જીવનમાંથી પાપ દૂર કરો. તમે દુનિયા અને
દેવ બંનેને એક સાથે અનુસરવા માગો છો. તમારી વિચારધારાને
નિર્મળ બનાવો.
9 તમે ઉદાસ થાઓ, શોક કરો, અને રડો! તમારા હાસ્યને
શોકમાં ફેરવો. તમારા આનંદને વિષાદમય બનાવો.
10 પ્રભુ આગળ દીન બનો, અને તે તમને મહાન બનાવશે.

## તમે ન્યાયાધીશ નથી

11 ભાઈઓ અને બહેનો, એકબીજાની વિરૂદ્ધ કશું જ બોલશો
નહિ. જો તમે ખ્રિસ્તમાં તમારા ભાઈની ટીકા કરો કે તેનો ન્યાય
કરો તો તમે જે નિયમશાસ્ત્રને અનુસરી રહ્યા છો તેની ટીકા કરો છો.
જ્યારે ખ્રિસ્તમાં ભાઈઓનો તમે ન્યાય કરો છો ત્યારે હકીકતમાં
તે જે નિયમશાસ્ત્રને અનુસરે છે, તેનો તમે ન્યાય કરો છો અને
જ્યારે તમે નીતિશાસ્ત્રની મૂલવણી કરવા જાઓ ત્યારે તમે તેના
શિષ્યો નથી. તમે પોતે જ તેના ન્યાયાધીશ બની જાઓ છો.
12 દેવ તે એક જ છે કે જે નિયમશાસ્ત્રની રચના કરે છે, અને
તે માત્ર એક જ ન્યાયાધીશ છે. એક દેવ માત્ર તારી શકે છે અને

* **4:4: ભાગ** મિત્ર ✡ **4:6:** ઉલ્લેખ: નીતિ. 3:34.

નાશ કરી શકે છે. તેથી અન્ય વ્યક્તિનો ન્યાય કરનાર તું કોણ
છે?

### દેવને તમારા જીવનનું આયોજન કરવા દો

13 તમારામાંના કેટલાએક કહે છે કે, "આજે અથવા કાલે
આપણે કોઈ એક શહેર તરફ જઈશું. આપણે ત્યાં એક વર્ષ
રહીશું, વેપાર કરીશું અને પૈસા બનાવીશું," સાંભળો! આ વિશે
વિચારો:
14 કાલે શું થવાનું છે તેની તમને ખબર નથી! તમારું જીવન
શાના જેવું છે? તે તો ફક્ત એક ધૂમર જેવું છે. અલ્પ સમય
માટે જુઓ છો, અને પછી તે અદ્રશ્ય થઈ જાય છે.
15 તેથી તમારે કહેવું જોઈએ કે, "પ્રભુની ઈચ્છા હશે, તો અમે
જીવીશું અને આમ કે તેમ કરીશું."
16 પરંતુ અત્યારે તમે અભિમાની અને અહંકારી છો. આ
બધોજ અબંકાર ખોટો છે.
17 અને જે વ્યક્તિ ભલું કરી જાણે છે અને છતાં તે ન કરે
તો તે પાપ કરે છે.

# 5

### સ્વાર્થી શ્રીમંતો શિક્ષાને પાત્ર

1 તમે શ્રીમંતો, સાંભળો! રૂદન કરો અને ખૂબજ વ્યથિત થાવ.
કારણ કે ઘણા સંકટો તમારા પર આવવાનાં છે.
2 વળી તમારી સમૃદ્ધિ સડી ગઇ છે, અને તેનું મૂલ્ય કશું જ
રહ્યું નથી, તમારા વસ્ત્રો જીવજંતુ ખાઈ જશે.
3 તમારું સોનું અને ચાંદી કટાઈ જશે, અને તેનો કાટ તમારા
ખોટાપણાની સાબિતી બનશે તે કાટ અગ્નિની જેમ તમારાં શરીરને
ભરખી જશે. અંતકાળ સુધી તમે તમારો ખજાનો સંઘરી રાખ્યો
છે.
4 લોકોએ તમારાં ખેતરોમા કામ કર્યું, પરંતુ તમે તેમને વળતર
ચૂકવ્યું નહિ તે લોકો તમારી વિરૂદ્ધ રૂદન કરી રહ્યા છે તે લોકોએ

તમારા પાકની લણણી કરી. હવે આકાશના લશ્કરોના પ્રભુએ
તેઓની બૂમો સાંભળી છે.
5 તમે પૃથ્વી પર મોજશોખ અને વિલાસી જીવન જીવો છો.
તમે કાપાકાપીના દિવસ માટે તૈયાર પ્રાણીની જેમ તમારી જાતને
સ્થૂળ બનાવી દીધી છે.
6 ન્યાયી પ્રત્યે તમે કોઈ દયા બતાવી નથી. તેઓ તમારી વિરૂદ્ધ
નહોતા, છતાં તમે તેઓને મારી નાખ્યાં છે.

## ધીરજવાન બનો

7 ભાઈઓ અને બહેનો, ધીરજ રાખો, પ્રભુ ઈસુ આવશે; તેથી
તે સમય સુધી ધીરજ રાખો. ખેડૂતો ધીરજવાન છે. ખેડૂત
પોતાનો મૂલ્યવાન પાક જમીનમાંથી ઊગે ત્યાં સુધી રાહ જુએ છે.
ખેડૂત ધીરજથી પોતાના પાકને મળનાર પ્રથમ વરસાદ અને અંતિમ
વરસાદની રાહ જુએ છે.
8 તમારે પણ ધીરજવાન થવું જોઈએ, આશા ન છોડશો. પ્રભુ
ઈસુ ઘણો જલ્દી આવી રહ્યો છે.
9 ભાઈઓ અને બહેનો, એક બીજાની વિરૂદ્ધ ફરિયાદ ન કરો.
જો તમે ફરિયાદ કરતા નહિ અટકાશો, તો તમે દોષિત થશો.
ન્યાયાધીશને આવવાની તૈયારી છે!
10 ભાઈઓ અને બહેનો, જે પ્રબોધકો એ પ્રભુ વિશે વાત
કરેલી તેના ઉદાહરણને અનુસરો. તેઓએ ઘણી ખરાબ વસ્તુઓ
સહન કરી, પણ તેઓએ ધીરજ રાખી.
11 જેઓએ ધીરજ રાખી છે તે લોકોનો ધન્ય છે. તેઓ અત્યારે
સુખી છે. અયૂબની ધીરજ વિષે તમે સાંભળ્યું છે અને પ્રભુથી જે
પરિણામ આવ્યું તે ઉપરથી તમે જોયું છે કે, પ્રભુ ઘણો દયાળુ
તથા કૃપાળુ છે.

## તમારી વાણી અંગે સાવધ રહો

12 મારા ભાઈઓ અને બહેનો, જ્યારે તમે વચન આપો ત્યારે
સમ ન ખાઓ. તે ખૂબજ મહત્વનું છે કે તમે જે કહો છો તેને
સાબિત કરવામાં આકાશ, ધરતી અથવા બીજી કોઈ પણ વસ્તુના

નામના સમ ન ખાઓ. જ્યારે તમે હકારાત્મક છો ત્યારે માત્ર
“હા” કહો અને નકારાત્મક છો, ત્યારે માત્ર “ના” કહો. આમ
કરો કે જેથી તમે ગુનેગાર ન ઠરો.

## પ્રાર્થનાનું સાર્મથ્ય

13 જો તમારામાં કોઈ દુ:ખી હોય, તો તેણે પ્રાર્થના કરવી
જોઈએ. અને જો કોઈ આનંદિત બને તો, તેણે સ્તોત્ર ગાવું
જોઈએ.
14 જો તમારામાંનું કોઈ માંદુ પડે તો, તેણે મંડળીના વડીલોને
બોલાવવા જોઈએ. વડીલોએ પ્રભુના નામે તેને તેલ ચોળીને તેને
માટે પ્રાર્થના કરવી જોઈએ.
15 અને વિશ્વાસથી કરેલી પ્રાર્થના માંદા માણસને સાજો કરે
છે. પ્રભુ તેને સાજો કરશે. અને આ માણસે જો પાપ કર્યા હશે
તો દેવ તેને માફ કરશે.
16 તમે જે ખરાબ કામ કર્યા હોય તે એકબીજાને કહો. અને
પછી એકબીજા માટે પ્રાર્થના કરો. આમ કરો કે જેથી દેવ તમને
સાજા કરી શકે. જો સારો માણસ આગ્રહથી પ્રાર્થના કરે તો
મહાન કાર્યો થાય છે.
17 એલિયા સ્વભાવે આપણા જેવી જ વ્યક્તિ હતી. તેણે
પ્રાર્થના કરી કે વરસાદ ન પડે. અને સાડા ત્રણ વરસ સુધી પૃથ્વી
પર વરસાદ ન પડ્યો!
18 પછી એલિયાએ પ્રાર્થના કરી કે વરસાદ પડે. અને
આકાશમાંથી વરસાદ પડ્યો, અને ધરતીમાંથી પાક ઊગી નીકળ્યો.

## આત્માનો ઉધ્ધાર

19 મારા ભાઈઓ અને બહેનો, જો તમારામાંનો કોઈ સત્યમાંથી
ભૂલો પડે તો બીજી વ્યક્તિ તેને સત્ય તરફ પાછા વળવા મદદરુંપ
બને.
20 યાદ રાખો: જે વ્યક્તિ પાપીને ખોટા માર્ગેથી પાછી વાળે
છે, તે વ્યક્તિ તે વ્યક્તિના પ્રાણને મોતમાંથી બચાવે છે. આમ
તે પાપોની ક્ષમા માટે નિમિત્ત બને છે.

# પવિત્ર બાઇબલ

## The Holy Bible in Gujarati, Easy Reading Version

copyright © 1997-2009 World Bible Translation Center

Language: ગુજરાતી (Gujarati)

Translation by: World Bible Translation Center

License Agreement for Bible Texts World Bible Translation Center Last Updated: September 21, 2006 Copyright © 2006 by World Bible Translation Center All rights reserved. These Scriptures:  Are copyrighted by World Bible Translation Center.  Are not public domain.  May not be altered or modified in any form.  May not be sold or offered for sale in any form.  May not be used for commercial purposes (including, but not limited to, use in advertising or Web banners used for the purpose of selling online add space).  May be distributed without modification in electronic form for non-commercial use. However, they may not be hosted on any kind of server (including a Web or ftp server) without written permission. A copy of this license (without modification) must also be included.  May be quoted for any purpose, up to 1,000 verses, without written permission. However, the extent of quotation must not comprise a complete book nor should it amount to more than 50% of the work in which it is quoted. A copyright notice must appear on the title or copyright page using this pattern: "Taken from the HOLY BIBLE: EASY-TO-READ VERSIONTM © 2006 by World Bible Translation Center, Inc. and used by permission." If the text quoted is from one of WBTC's non-English versions, the printed title of the actual text quoted will be substituted for "HOLY BIBLE: EASY-TO-READ VERSIONTM." The copyright notice must appear in English or be translated into another language. When quotations from WBTC's text are used in non-saleable media, such as church bulletins, orders of service, posters, transparencies or similar media, a complete copyright notice is not required, but the initials of the version (such as "ERV" for the Easy-to-Read VersionTM in English) must appear at the end of each quotation. Any use of these Scriptures other than those listed above is prohibited. For additional rights and permission for usage, such as the use of WBTC's text on a Web site, or for clarification of any of the above, please contact World Bible Translation Center in writing or by email at distribution@wbtc.com. World Bible Translation Center P.O. Box 820648 Fort Worth, Texas 76182, USA Telephone: 1-817-595-1664 Toll-

Free in US: 1-888-54-BIBLE E-mail: info@wbtc.com WBTC's web site – World Bible Translation Center's web site: http://www.wbtc.org

2013-11-04

PDF generated using Haiola and XeLaTeX on 26 Jul 2025 from source files dated 31 Aug 2023
e7105d68-9195-5020-a313-7baf29791a07